# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૮/૭/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં આંત્રપ્રિન્યોર લોન્જ અંતર્ગત 'ઇશ્યુજ એન્ડ ચેલેન્જીસ ઇન ફેમિલી મેનેજ્ડ બિઝનેસ' વિશે સેમિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ઓરો યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે આંત્રપ્રિન્યોર લોન્જ અંતર્ગત શનિવારે, તા. ૬ જુલાઇ ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે નાનપુરા સમૃદ્ધિ ખાતે 'ઇશ્યુજ એન્ડ ચેલેન્જીસ ઇન ફેમિલી મેનેજ્ડ બિઝનેસ' વિષય ઉપર સેમિનાર યોજાયો હતો. જેમાં નિષ્ણાત વકતા તરીકે રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બિઝનેસ મેનેજમેન્ટ વિભાગના પ્રોફેસર ડો. હિતેશ શુકલએ વકતવ્ય રજૂ કરી મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીને પ્રમોટ કરવા માટે ચેમ્બરની ભૂમિકા રહી છે. ટેક્ષ્ટાઇલ, ડાયમંડ અને રિયલ ઈન્ડસ્ટ્રીમાં વર્ષોથી વારસદારો બિઝનેસ કરતા આવ્યા છે ત્યારે ૨૧મી સદીમાં લીબરાઇઝેશન, ગ્લોબલાઇઝેશન અને પ્રાઇવેટાઇઝેશનને કારણે ઘણા બદલાવો થયા છે. આથી હવે બિઝનેસ ચલાવવા માટે લાયકાત કેળવવી પડે તે ખૂબ જ આવશ્યક અને જરૂરી બન્યુ છે.

ડો. હિતેશ શુકલએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, ફેમિલી બિઝનેસમાં ઓનરશીપ ઇકવલ હોવી જોઇએ પણ ઇન્કમ ઇકવલ નહી હોવી જોઇએ. જે રાત દિવસ દોડધામ કરીને બિઝનેસ સંભાળે છે અને મહેનત કરે છે તેને અલગથી ઈન્સેન્ટીવ આપવું જોઇએ. ફેમિલી બિઝનેસમાં ગ્રોથ કરવા માટે સ્કીલ કેપેસિટી, કેપીટલ અને માર્કેટ આ ત્રણ બાબતો જરૂરી છે. જયાં ધંધો છે ત્યાં ઘર નહી હોવુ જોઇએ અને જયાં ઘર છે ત્યાં ધંધો નહી થવો જોઇએ.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ફેમિલી બિઝનેસમાં તમે દિકરા કે દિકરીને બિઝનેસ કરવા માટેનો મોકો આપો પણ એને મફતનું કશું જ નહી આપો. એને બિઝનેસમાં નીચેથી ઉપર સુધીનું કામ શીખવાડો. એને પોતાની જ

ફેકટરીમાં પગાર ઉપર નોકરીએ રાખો અને માર્કેટમાં મોકલો. બિઝનેસની તમામ પ્રકારની પ્રોસેસમાંથી એને પસાર કરો. દિકરા કે દિકરીને બિઝનેસ નહી પણ રિસ્પેકટ ગીફટમાં આપો.

ડો. હિતેશે લર્ન ટુ રિસ્પેકટ સેક્રીફાઇઝ, લર્ન ધી બિઝનેસ, લર્ન ટુ મેનેજ ધી પીપલ અને લર્ન ટુ લેટગો વિશે સમજણ આપી હતી. તેમણે ફેમિલી કોન્સ્ટીટયુશન બનાવવા ઉપર ભાર મુકતા કહયુ કે ભારતમાં માત્ર ૧૨ ટકા ફેમિલી કોન્સ્ટીટયુશન છે. એટલે ફેમિલી કાઉન્સીલ હોવી જોઇએ, જેમાં દરેક ફેમિલી મેમ્બરના સૂચન લેવામાં આવે. જાપાનમાં ૧૪૬૮ વર્ષ જૂના બિઝનેસની તેમણે વાત કરી હતી. આ ફેમિલી બિઝનેસમાં ૪૬મું જનરેશન બિઝનેસ કરી રહયુ છે. જયારે ભારતમાં ફેમિલી બિઝનેસમાં ત્રણ જનરેશન પછી માત્ર ૩ ટકા લોકો જ આગળ વધી શકયા હોવાનું તેમણે વધુમાં જણાવ્યુ હતુ. તેમણે વિશ્વભરના જુદા–જુદા કોર્પોરેટ ફેમિલી બિઝનેસના દાખલા આપીને સમજણ આપી હતી.

આ સેમિનારમાં સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબી અને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ડો. રાકેશ દોશીએ પ્રાસંગિક વિધી કરી હતી. વકતાશ્રીએ ફેમિલી બિઝનેસને લગતા ઘણા સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. અંતે ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના કન્વીનર શ્રી સંજય ગજીવાલાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.